Reliance
Industries Limited

March 13, 2021

BSE Limited
Phiroze Jeejeebhoy Towers,
Dalal Street,
Mumbai 400 001

National Stock Exchange of India Limited
Exchange Plaza, Plot No. C/1, G Block,
Bandra-Kurla Complex,
Bandra (East), Mumbai 400 051

Scrip Code: **500325 / 890147**

Trading Symbol: **RELIANCE / RELIANCEPP**

Dear Sirs,

**Sub: Newspaper clippings – Final Reminder published for immediate attention of shareholders whose Rights Equity Shares (allotted in June 2020) are lying in "RIL Rights Allotment Demat Suspense Account"**

The Company has, on March 13, 2021, published in the following newspapers, Final Reminder for immediate attention of shareholders whose Rights Equity Shares (allotted in June 2020) are lying in "RIL Rights Allotment Demat Suspense Account":

All editions of:
(i) Gujarat Samachar,
(ii) Sandesh and
(iii) Divya Bhaskar

Clippings of the Final Reminder so published, are attached for your information and dissemination on your website.

Thanking you,

Yours faithfully,
**For Reliance Industries Limited**

Savithri Parekh
Joint Company Secretary and Compliance Officer

Copy to:

The Luxembourg Stock Exchange
Societe de la Bourse de Luxembourg
35A boulevard Joseph II
B P 165, L-2011 Luxembourg

Singapore Stock Exchange
2 Shenton Way,
#19-00 SGX Centre 1,
Singapore 068804

અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે આવેલા ઔડા વિસ્તારની હોસ્પિટલ, સ્કૂલ કે ફેક્ટરીમાં ફાયર NOC આપવા મુદ્દે વિવાદ

# ઔડા વિસ્તારમાં AMC ફાયર NOC નહીં આપે, હવે ગાંધીનગરનો ધક્કો

**આગ લાગે તો કૂવો ખોદે** મહેમદાવાદની સ્કૂલે ફાયર NOC લેવા ગાંધીનગર જવું પડશે, આગ લાગે તો કયા શહેરનું ફાયર વિભાગ પહેલાં પહોંચશે ?

। અમદાવાદ ।

AMC અને ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન વચ્ચે ઔડામાં સમાવેશ થતાં ૧૮૬૬ ચો. કિ.મી.ના વિસ્તારમાં આવેલી હોસ્પિટલ, સ્કૂલ, ફેક્ટરી કે અન્ય પ્રકારના બાંધકામને ફાયર NOC કોણ આપશે ? તેવો વિવાદ સામે આવ્યો છે. AMCએ ઔડા વિસ્તારની મિલકતોને ફાયર NOC આપવામાંથી હાથ ઊંચા કરી દીધાં છે. હવે ઔડા વિસ્તારની તમામ બિલ્ડીંગોએ ગાંધીનગર મ્યુનિ.કોર્પોરેશનમાંથી ફાયર NOC લેવાની રહેશે. ઔડાના જાણકારો કહે છે કે, મહેમદાબાદની એક સ્કૂલ હોય તો તેમણે ફાયર NOC મેળવવા ૫૦ કિ.મી.નો ધક્કો ખાઈ ગાંધીનગર સુધી જવું પડશે. જો આગ લાગે તો ગાંધીનગર મ્યુનિ.કોર્પોરેશન ત્યાં વહેલાં પહોંચશે કે AMCનો ફાયર ડિપાર્ટમેન્ટ પહેલા પહોંચશે તે મોટો સવાલ છે ? અત્યાર સુધી AMCનો ફાયર ડિપાર્ટમેન્ટ NOC આપતો હતો પણ હવે બંધ કરી દેતાં ઔડા વિસ્તારના મિલકતધારકોને ભારે હાલાંકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ સમગ્ર વિવાદની શરૂઆત બે વર્ષ પહેલાં થઇ હતી તે વખતે રાજ્ય સરકારે ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેસર્સ એક્ટ ૨૦૧૩ની અમલવારી શરૂઆત કરી હતી તે વખતે શહેરી વિકાસ વિભાગે એક જાહેરનામુ કરીને ગુજરાતના વિવિધ વિસ્તારોને ઝોનમાં વહેંચણી કરી હતી તે વખતે અમદાવાદ શહેરી વિસ્તારનો સમાવેશ અમદાવાદ ઝોનમાં કરવામાં આવ્યો હતો જોકે, અમદાવાદ શહેરની ફરતે આવેલાં ઔડાના વિસ્તારનો ગાંધીનગર ઝોનમાં સમાવેશ કર્યો હતો. ઔડા વિસ્તારમાં ફાયર સેફ્ટીની જવાબદારી ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશનના માથે આવી હતી પણ ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન એટલી સક્ષમ નથી. કેમ કે, ઔડા વિસ્તારમાં આગ લાગે તો અમદાવાદ મ્યુનિ.નો ફાયર ડિપાર્ટમેન્ટ બુજાવવા પહોંચે છે. આ વિવાદ થયો તે વખતે અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનના ફાયર ડિપાર્ટમેન્ટ દ્વારા ઔડા વિસ્તારમાં ફાયર એનઓસી આપવાની, બિલ્ડીંગોમાં ચકાસણી કરવાની અને ફાયર કોલ વખતે મદદ કરવાની મૌખિક જવાબદારી સ્વીકારી હતી પણ તાજેતરમાં અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશને આ જવાબદારીમાંથી હાથ ઊંચા કરી દીધાં છે. જેની પાછળનું કારણ એવું છે કે, ફાયર સેફ્ટી મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં રિટની સુનવાણી ચાલી રહી છે જેમાં અમદાવાદ શહેરની તમામ બિલ્ડીંગો, સ્કૂલો સહિતની ઈમારતોમાં ચકાસણીથી માંડીને NOC આપવાની કામગીરીમાં અધિકારીઓ જોડાયેલા રહે છે જેથી તેઓ જુના નોટિફિકેશન પ્રમાણે, ઔડા વિસ્તારની જવાબદારી ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશનને ઉઠાવવા માટે કહી રહ્યાં છે. હવે ઔડા વિસ્તારની તમામ સ્કૂલો, ફેક્ટરીઓ કે અન્ય મિલકતોમાં ફાયર એનઓસીની જરૂર પડી રહી છે તેવા સંજોગોમાં તેમણે AMC પાસે ફાયર એનઓસી માગે છે તો તેઓ ગાંધીનગર મોકલી રહ્યાં છે જેના કારણે અરજદારોને ધક્કા ખાવા પડી રહ્યાં છે. અરજદારોનો તર્ક એવો છે કે, અમદાવાદ નજીક છે તો તેઓ ફાયર એનઓસી અને ચકાસણી કરે તે હિતાવહ છે.

**ઔડા વિસ્તારમાં આગ AMC બુઝાવે, ફાયર NOC ગાંધીનગર કોર્પોરેશન આપે ?**

સુત્રો કહે છે કે, અમદાવાદ શહેરને અડીને આવેલા શેલા, ગોધાવી, મણિપુર, સાણંદ સહિતના વિસ્તારોમાં જ્યારે આગ લાગે તો અમદાવાદ મ્યુનિ.કોરપોરેશનનો ફાયર ડિપાર્ટમેન્ટ બુઝાવે છે પણ હવે આ ગામો સહિત ઔડા વિસ્તારમાં આગ લાગે તો AMCનો ફાયર ડિપાર્ટમેન્ટ બુઝાવશે તો પછી ફાયર NOC માટે ગાંધીનગર કોર્પોરેશન સુધી કેમ જવાનું ? તે મોટો પ્રશ્ન છે.

'પંચને મળેલા દસ્તાવેજ, સોગંદનામા આપો, ઘટનાસ્થળની મુલાકાત લેવા દો'

# શ્રેય હોસ્પિટલ અગ્નિકાંડ માટેના તપાસ પંચની કાર્યવાહી સામે પીડિતોની હાઈકોર્ટમાં અરજી

ગોધરાકાંડના તપાસ પંચે પણ પીડિતોને કોચની મુલાકાત લેવા દીધી હતી

। અમદાવાદ ।

ગયા વર્ષે નવરંગપુરાની શ્રેય હોસ્પિટલ અને રાજકોટની હોસ્પિટલમાં થયેલી આગની દુર્ઘટનામાં તપાસ માટે જસ્ટિસ ડી. એ. મહેતા પંચ નિમાયેલું છે. ત્યારે, શ્રેય હોસ્પિટલ આગ દુર્ઘટનાના પિડીતોના પરિવારજનોએ પંચ સામે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી છે. સુનાવણી દરમિયાન, સરકારી વકીલે રજૂઆત કરી હતી કે આ અંગે સરકાર પાસેથી નિર્દેશ મેળવવા માટે સમય આપો. આ કેસની વધુ સુનાવણી ૧૬ માર્ચે હાથ ધરાશે. અરજદારની માગ હતી કે પંચ તેમને સાંભળે, પંચ સમક્ષ રજૂ થયેલા વિવિધ દસ્તાવેજો અને સોગંદનામા આપો, તેમના મૃત્યુ પામેલા સ્વજનો હોસ્પિટલના જે આઈસીસીયુ વિભાગમાં હતા તેની મુલાકાત લેવા દો, સાક્ષીઓની ઉલટતપાસની તક આપો, આ અરજી કોર્ટમાં પડતર છે ત્યાં સુધી પંચની આગળની કામગીરી રોકો, પંચ ટૂંક સમયમાં તેનો રિપોર્ટ રજૂ કરી શકે છે તેથી તેને રોકો.

હાઈકોર્ટમાં અરજદારના વકીલની રજૂઆત હતી કે, પહેલી થી તેર ફેબ્રુઆરી વચ્ચે અરજદારે પંચ સમક્ષ રજૂઆત કરી હતી કે આ કેસ સંદર્ભે તેમની સમક્ષ રજૂ થયેલા દસ્તાવેજ અને સોગંદનામા આપો, દુર્ઘટના સ્થળની મુલાકાત લેવાની મંજૂરી આપો. જો કે તપાસ પંચે આ માગને નકારી દીધી હતી. આ કેસમાં અરજદાર સૌથી વધુ અસરગ્રસ્ત છે, તેણે આગની દુર્ઘટનામાં તેના સ્વજનને ગુમાવ્યા છે. અરજદારોને આ જરૂરી દસ્તાવેજ મળશે તો તે સત્યને બહાર લાવવામાં મદદ કરી શકશે. ભૂતકાળમાં ગોધરાકાંડની તપાસ કરતા જસ્ટિસ નાણાવટી પંચે પીડિતોને કોચ એસ-૬ની મુલાકાત લેવાની મંજૂરી આપી જ હતી.

**સમગ્ર અગ્નિકાંડ મુદ્દે પીડિતોનો અસંતોષ**

- રહેણાંક માટે બનેલા બિલ્ડીંગમાં ઈમ્પેક્ટ ફી ભરીને શ્રેય હોસ્પિટલ શરૂ કરાયેલું
- આગની ઘટના અંગે મેટ્રો કોર્ટમાં ચાલતા કેસમાં ચાર્જશીટ રજૂ થઈ, પણ તે અરજદારને મળી નથી
- શ્રેય હોસ્પિટલમાં ફાયર સેફ્ટિની સુવિધા ન હતી
- દર્દીઓની બુમો બાદ સ્ટાફે આગ હોલવવાનો પ્રયાસ કર્યો
- મૃતકોના મોબાઈલ પહેલા ગુમ બતાવ્યા, જે બાદમાં ચાલુ હોવાનુ જાણવા મળ્યું
- આગની ઘટના માટે હોસ્પિટલના સંચાલકો જવાબદાર
- પંચ આ તમામ બાબતોને ધ્યાન પર લે

ભાજપને ખોબલે ખોબલે મત આપવાનું ફળ

રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરાયેલી કર દર અંગેની દરખાસ્તમાં સ્પષ્ટ નિર્દેશ

# મ્યુનિ. પ્રોપર્ટી ટેક્સ સહિત કોઈ પણ ટેક્સમાં વધારો કરવામાં નહીં આવે

કમિશનર ૨૦મી પહેલાં ડ્રાફ્ટ અંદાજપત્ર રજૂ કરશે : શાસક પક્ષ ૩૦મી પહેલાં મંજૂર કરશે

। અમદાવાદ ।

મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણીમાં ભાજપને ખોબલે ખોબલે મત આપીને પ્રચંડ વિજય અપાવનાર મ્યુનિ. કરદાતાઓને શિરે આ વર્ષે મ્યુનિ. કોર્પોરેશનના પ્રોપર્ટી ટેક્સ સહિતના કોઈ પણ ટેક્સના કરદરમાં વધારાનો બોજ નહીં પડે અને ટેક્સના કરદરનું માળખું યથાવત્ રહેશે. અંદાજપત્રની મ્યુનિ. કોર્પોરેશનની મંજૂરી અગાઉ મ્યુનિ. વહીવટીતંત્ર દ્વારા સરકારને મોકલી આપેલી કરદર અંગેની દરખાસ્તોમાં મ્યુનિ. પ્રોપર્ટી ટેક્સમાં કે અન્ય ટેક્સના કરદરમાં કોઈ વધારો નહીં કરવાનો સ્પષ્ટ નિર્દેશ કરવાનો સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો છે તેથી હવે મ્યુનિ.ના સને ૨૦૨૧-૨૦૨૨ના અંદાજપત્રમાં કરદર અંગેની કોઈ દરખાસ્તોનો સમાવેશ કરવામાં નહીં આવે. માત્ર મ્યુનિ.ના આવક-જાવકના સ્ત્રોત અને નાણાકીય ફાળવણી તથા વિકાસ કામોની રૂપરેખા પ્રસ્તુત કરવામાં આવશે. જાણવા મળે છે કે મ્યુનિ. કમિશનર મુકેશકુમાર સંભવત ચાલુ માસની ૨૦મી તારીખ સુધીમાં પોતાનું ડ્રાફ્ટ અંદાજપત્ર સ્ટેન્ડિંગ કમિટીની એક તાકીદની બેઠકમાં રજૂ કરનાર છે. જે માત્ર ઔપચારિક બની રહેશે પરંતુ શાસક પક્ષ ભાજપ આ ડ્રાફ્ટ અંદાજપત્ર પર શહેરના વિકાસ માટેની વિવિધ દરખાસ્તો અને વધુ નાણાં ફાળવવા અંગેના સુધારા રજૂ કરશે અને સ્ટેન્ડિંગ કમિટીમાં લીલીઝંડી આપ્યા બાદ મ્યુનિ.ની અંદાજપત્ર બેઠકમાં તેને આખરી મંજૂરી આપવામાં આવશે. આ અંદાજપત્ર બેઠક આગામી ૨૫થી ૩૦મી માર્ચ સુધીના છેલ્લા સપ્તાહમાં યોજવામાં આવનાર છે. ચૂંટણીને કારણે સરકારે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં વાર્ષિક અંદાજપત્રની મુદત ૨૮મી ફેબ્રુઆરીને બદલે ૩૦મી માર્ચ સુધી લંબાવી આપવાની અગાઉ જાહેરાત કરી હતી.

## ધો.૧૨ કોમર્સ સહિતના ફોર્મ ભરવાની મુદત ૨૨મી માર્ચ સુધી લંબાવાઈ

। અમદાવાદ ।

શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉ.ઉ.બુ. પ્રવાહની મે-૨૦૨૧ની પરીક્ષાના આવેદનપત્રો રેગ્યુલર ફી સાથે ભરવાની છેલ્લી તારીખ ૧૨-૩ હતી તે જે તા.૨૨-૩ સુધી લંબાવવામાં આવી છે. તા.૧૩-૩ છી તા.૨૨-૩ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. જે માટે અલગથી લેઈટ ફી લાગશે નહીં. ધો.૧૨ના આ ત્રણેય પ્રવાહના આવેદનપત્રો ઓનલાઈન ભરવાની અંતિમ તા.૨૨-૩ રાત્રિના ૧૨ કલાક સુધી રહેશે. વિદ્યાર્થીઓનું પ્રિન્સિપાલ એપ્રુવલ બાકી હોય તો તે પણ તા.૨૨-૩ના રાત્રિના ૧૨ કલાક સુધી કરી શકાશે. શાળાએ ફાઈનલ એપ્રુવલ કર્યુ હોય અને ફોર્મમાં સુધારા વધારા બાકી હોય તો કરી શકશે.

# AMCના ડે.હેલ્થ ઓફિસર ડૉ. અરવિંદ પટેલની આગોતરા જામીન ફગાવાઈ

લાંચ માગવાની પ્રવૃત્તિને હળવાશથી લેવાય નહીં : કોર્ટ

સિમ્સમાં કોરોનાના દર્દીની સારવારના બિલ પાસ કરાવવા આરોપીએ લાંચ માગી હતી

અમદાવાદ : અમદાવાદના સિમ્સ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓની સારવારના બિલ પાસ કરાવવા મુદ્દે લાંચ માગવાના કેસમાં એએમસીના ડેપ્યુટી હેલ્થ ઓફિસર અરવિંદ પટેલની આગોતરા જામીન અરજી અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લા કોર્ટે ફગાવી દીધી છે. કોર્ટનુ અવલોકન છે કે, ' સમગ્ર વિશ્વ કોરોનોની મહામારીનો સામનો કરી રહ્યું છે, અરજદાર એક ડોક્ટર છે અને ડોક્ટર તરીકે તેની ફરજ છે કે કોરોનાથી લોકોને બચાવવા, તેના બદલે તે લાંચ લેવાની પ્રવૃત્તિમાં સંડોવાયેલ છે. આ પ્રકારની પ્રવૃત્તિને હળવાશથી લઈ શકાય નહીં. કોવિડ-૧૯ના દર્દીઓના બિલની રકમ એ પબ્લિક મની છે, પ્રાથમિક ધોરણે અરજદારની ભૂમિકા નજરે પડે છે, આ કેસની તપાસ ચાલી રહી છે, યોગ્ય તપાસ માટે અરજદારની કસ્ટોડિયલ તપાસની જરુર પડી શકે છે. જેથી તેની અરજી નકારવામાં આવે છે.' કોર્ટમાં સરકારી વકીલની રજૂઆત હતી કે, અરજદાર એએમસીનો કર્મચારી છે અને તેની આ કેસમાં ભૂમિકા હોવાના પુરતા પુરાવા છે. અરજદાર પોલીસ તપાસમાં સહયોગ આપતો નથી, અરજદારને જામીન મળશે તો તે પુરાવા સાથે છેડછાડ કરી શકે છે, આરોપીએ ડૉ. નરેશ મલ્હોત્રાના માધ્યમથી લાંચની રકમ માગી હતી. જેમાં, આરોપીઓએ કોરોના દર્દીઓના બિલના રુ. દોઢ કરોડમાંથી લાંચ પેટે ૧૦ ટકા જેટલી રકમ માગી હતી. બીજી તરફ, આરોપીના વકીલની રજૂઆત હતી કે આ કેસમાં તેની કોઈ ભૂમિકા નથી.

**નમુના નંબર-૪ આરોપીને હાજર થવા ફરમાવવાનું જાહેરનામું ( સીઆરપીસી કલમ ૮૨ મુજબનુ )**

મારી સમક્ષ ફરિયાદ કરવામાં આવી છે કે , અફઘાનીસ્તાનનાં નાગરીક સૈફુલ્લાહ અકબરખાન ગજની , મુળ રહે.ગજની , અફઘાનીસ્તાન , અફઘાનીસ્તાનનાં પાસપોર્ટ નં .0A10044836 , જન્મ તા.૦૧-૦૧-૧૯૭૯ એ અમદાવાદ મુકામે રાખેલ ( નામ - સરનામુ ) રહેમાનખાન તે મંગલખાન ગુલામખાન પઠાણ , ઉં.વ.આ .૨૫ , રહે.મકાન નં . ૪૦૩ , આમેના એપાર્ટમેન્ટ , સુલતાન મહોલ્લો , પ્રેમ દરવાજા , દરિયાપુર , અમદાવાદએ , ભારતીય દંડ સંહિતાની કલમ -૪૦૬,૪૨૦ , ૪૬૫ , ૪૬૭ , ૪૬૮ , ૪૭૧ , ૧૨૦ ( બી ) તથા ફોરેનર્સ ( એમેન્ડમેન્ટ ) એક્ટ -૨૦૦૪ ની કલમ -૧૪(એ)(બી) હેઠળ શિક્ષાપાત્ર ગુન્હો કર્યો છે ( અથવા કર્યો હોવાનો શક છે ) તથા તે પરથી કાઢવામાં આવેલા ધરપકડ વોરન્ટ પર એવો શેરો થઇ આવેલ છે કે , અફઘાનીસ્તાનનાં નાગરીક સૈફુલ્લાહ અકબરખાન ગજની , મુળ રહે.ગજની , અફઘાનીસ્તાન .અફઘાનીસ્તાનનાં પાસપોર્ટ નં .0A10044836 , જન્મ તા.૦૧-૦૧-૧૯૭૯ એ અમદાવાદ મુકામે રાખેલ (નામ – સરનામુ) રહેમાનખાન તે મંગલખાન ગુલામખાન પઠાણ , ઉં.વ.આ .૨ ૫ , રહે.મકાન નં .૪૦૩ , આમેના એપાર્ટમેન્ટ ,સુલતાન મહોલ્લો , પ્રેમ દરવાજા , દરિયાપુર , અમદાવાદના સરનામે રહેતા નથી/મળી આવતા નથી તથા મને ખાતરી કરાવવામાં આવી છે કે તે સૈફુલ્લાહ અકબરખાન ગજની/ અમદાવાદ મુકામે રાખેલ નામ રહેમાનખાન તે મંગલખાન ગુલામખાન પઠાણનાઓ ફરાર થઈ ગયા છે (અથવા વોરન્ટની બજવણી ન થાય તે માટે સંતાતા ફરેછે.)

આથી આ જાહેરનામુ કાઢીને ફરમાવવામાં આવે છે કે અફઘાનીસ્તાનના નાગરીક સૈફુલ્લાહ અકબરખાન ગજની.મુળ રહે.ગજની , અફઘાનીસ્તાન , અફઘાનીસ્તાનના પાસપોર્ટ નં .0A10044836 , જન્મ તા.૦૧-૦૧-૧૯૭૯ એ અમદાવાદ મુકામે રાખેલ ( નામ-સરનામું ) રહેમાનખાન તે મંગલખાન ગુલામખાન પઠાણ ઉ.વ. ૨૫ , રહે.મકાન નં .૪૦૩ ,આમેના એપાર્ટમેન્ટ , સુલતાન મહોલ્લો , પ્રેમ દરવાજા , દરિયાપુર , અમદાવાદનાઓએ તે ફરીયાદનો જવાબ આપતા તા- ૧/૪/૨૦૨૧ ના રોજ અદાલત સમક્ષ એડી , ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં .૧૦ , છઠ્ઠો માળ , મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ કોર્ટ બિલ્ડીંગ , ઘી કાંટા , અમદાવાદનાં સ્થળે ( અથવા મારી સમક્ષ) હાજર થવું તા-૧/૩/૨૦૨૧

(વિનય ડી. મોઢ)
એડી , ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ
કોર્ટનં-૧૦ , અમદાવાદ
ક્રમાંક/સંમાનિ/અમદ/૧૪૯૩/૨૦૨૧

ઔદ્યોગિક વિસ્તારોના વેચાણ દસ્તાવેજ લટકી પડ્યા

# દેત્રોજ સહિતની સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં ઈન્ટરનેટના ધાંધિયા

। અમદાવાદ ।

અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાના વિઠ્ઠલાપુર ચોકડી પાસે આવેલા મારુતિ-સુઝુકી, હોન્ડા સહિતના મોટા ઔદ્યોગિક એકમોના આસપાસના ગામોમાં વેચાણ દસ્તાવેજો અટકી પડ્યાં હોય તેવી સ્થિતિ છે. અમદાવાદ જિલ્લાના દેત્રોજ અને માંડલ સહિત અન્ય જિલ્લાની બેચરાજી સબ રજિસ્ટ્રાર કચેરીમાં ઈન્ટરનેટના ધાંધિયા જોવા મળી રહ્યાં છે જેના કારણે એક મહિનામાં ૧૦થી ૧૨ દિવસ ઈન્ટરનેટ કનેક્ટીવીટી હોતી નથી. જેથી અરજદારોએ ધક્કા ખાવા પડી રહ્યાં છે. અમદાવાદ શહેરના માંડલ, દેત્રોજ અને બેચરાજી તાલુકાના ગામોમાં મોટા ઔદ્યોગિક એકમો આવતાની સાથે આસપાસની જમીનોમાં નાની ફેક્ટરીઓ શરૂ થઈ રહી છે સાથે નાના ઔદ્યોગિક એકમો પણ સ્થપાઈ રહ્યાં છે જ્યારે કેટલીય જમીનો અને પ્લોટમાં અમદાવાદના રોકાણકારો રોકાણ કરી રહ્યાં છે. માર્ચ મહિનામાં જમીન કે પ્લોટના વેચાણ દસ્તાવેજ વધતાં હોય છે જોકે, માર્ચ મહિનાની શરૂઆતમાં વેચાણ દસ્તાવેજ કરાવવા માટે અરજદારોએ ધક્કા ખાવા પડી રહ્યાં છે. છેલ્લા પાંચ દિવસથી દેત્રોજ સબ રજિસ્ટ્રાર કચેરીમાં ઈન્ટરનેટની કનેક્ટીવીટી નથી જેથી દસ્તાવેજો બંધ છે. દેત્રોજ, માંડલ અને બેચરાજી સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં મહિનામાં ૧૦થી ૧૨ દિવસ ઈન્ટરનેટની કનેક્ટીવીટી હોતી નથી જેના કારણે અરજદારોએ ધક્કા ખાવ પડે છે.

માત્ર ૩ ભાજપ સરકારોએ જ જમીન લીધી

# કેવડિયામાં વિવિધ રાજ્યોનાં ભવનો બનાવવાની યોજનાને મોળો પ્રતિસાદ

। ગાંધીનગર । (પ્રતિનિધિ દ્વારા)

સરકારે કેવડિયા નજીક સાધુ ટેકરી ઉપર સ્ટેચ્યૂ ઑફ યુનિટીનું નિર્માણ કર્યા પછી આ સમગ્ર વિસ્તાર કરોડો રૂપિયાના ખર્ચે ટૂરિસ્ટ ડેસ્ટિનેશન તરીકે વિકસાવ્યો છે, સાથોસાથ દેશભરની તમામ રાજ્ય સરકારો એમના રાજ્યના સહેલાણીઓ માટે એમનું અલાયદું ભવન ઊભું કરે તે વિચારથી તેમને ભવન બનાવવા ટોકનભાવે જમીન ફાળવવાની નીતિ પણ રાજ્ય સરકારે ઘડી છે પરંતુ સરકારની આ નીતિને હકારાત્મક પ્રતિસાદ સાપંડ્યો નથી, કેમ કે માત્ર ત્રણ જ રાજ્ય સરકારોએ અત્યાર સુધી જમીન ખરીદી હતી. ત્રણ વર્ષમાં હરિયાણા, હિમાચલપ્રદેશ અને ઉત્તર પ્રદેશની સરકારોએ જ જમીન ખરીદી છે. આ ત્રણે રાજ્યોમાં ભાજપનું શાસન છે. કર્ણાટક, મધ્યપ્રદેશ, ઉત્તરાખંડમાં ભાજપ સરકારો શાસનમાં છે તો બિહાર સહિત અમુક રાજ્યોની સરકારોમાં ભાજપ સામેલ છે, છતાં આ રાજ્યોએ તેમના ભવનો કેવડિયામાં સ્થાપવા માટે કોઈ રસ દાખવ્યો નથી. સરકારે દરેક રાજ્યને કેવડિયામાં ૨,૦૦૦ ચોરસ મીટર જમીનનો પ્લોટ રૂ. ૫૧ લાખની ટોકન કિંમત ફાળવવાની નીતિ બનાવી છે, જે ત્રણ રાજ્યો આગળ આવ્યા છે તેમણે આ કિંમત ચૂકવી જમીન પ્લોટ બુક કરાવ્યો છે. જો કે આ ત્રણે ભાજપ સરકારોએ પ્લોટ લીધા પછી ભવન બાંધ્યું છે કે બાંધવાનું શરૂ કર્યું છે કે કેમ તેની કોઈ જાણકારી વિધાનસભામાં અપાઈ નથી, બનવા જોગ છે કે, આ ત્રણે રાજ્યોએ પ્લોટ લીધા પછી કોઈ નિર્માણ કાર્ય શરૂ જ ના કર્યું હોય.

**કર્ણાટક, બિહાર સહિત ભાજપ શાસિત સરકારોને રસ નથી !**

# ઈડરના સાબલવાડમાં એલિયન દેખાયાની ચર્ચા

। હિંમતનગર । (સં.ન્યૂ.સ)

**આકાશમાં ચમકતા પદાર્થના લોકોએ ફોટા પણ પાડ્યા**



સાબરકાંઠામાં આકાશમાં દેખાયેલા ચમકતા પદાર્થે ચકચાર મચાવી છે. ઈડર તાલુકાના સાબલવાડ ગામે કેટલાક લોકોએ આકાશમાં ચમકતો પદાર્થ જોયો હતો. કેટલાક લોકોએ ફોટા પણ પાડ્યા હતા. જો કે આ ચમકતી વસ્તુ શું છે તેની કોઈ પુષ્ટિ થઈ શકી નથી, પરંતુ એલિયન દેખાયાની ચર્ચાએ જિલ્લામાં જોર પકડ્યું છે. ઈડર તાલુકાના સાબલવાડ ગામે રાત્રિના સમયે આકાશમાં કોઈ ચમકતો પદાર્થ જોવા મળતાં લોકો ચોંકી ઉઠ્યા હતા. અચાનક આકાશમાં આ પ્રકારની વસ્તુ જોતાં અચરજ પેદા થયુ હતુ. કેટલાક લોકોએ તેના ફોટા પણ પાડી લીધા હતા. અગાઉ ક્યારેય આવી વસ્તુ આકાશમાં જોવા મળી ન હતી અને તે જોવા મળતાં અનેક રહસ્યો ઉભા થયા હતા. આ ઘટનાને પગલે જિલ્લામાં એલિયન દેખાયાની ચર્ચાએ જોર પકડ્યુ છે. જો કે સમગ્ર મામલે ક્યાંય તંત્ર દ્વારા કોઈ જ પુષ્ટિ કરવામાં આવી ન હતી. અવારનવાર ખગોળિય ઘટનાઓ સામે આવે છે. ત્યારે આકાશમાં દેખાયેલા આ જુદા જ પ્રકારના પદાર્થને કારણે રહસ્યો ઉભા થયા છે.

# સોલામાં મહિલાના ઘરમાંથી રોકડ, દાગીના સહિત ૧.૯૫ લાખની ઉઠાંતરી

અમદાવાદ : શહેરના સોલા વિસ્તારમાં એક મહિલાને ફોન કરીને ઘરમાં ઘી વેચવા માટે આવેલી બે મહિલાઓએ વાતોમાં વ્યસ્ત રાખીને ઘરમાંથી ૧.૬૦ લાખની રોકડ, સોનાના દાગીના તથા એક મોબાઈલ ફોન મળીને કુલ ૧.૯૫ લાખની કિંમતની ઉઠાંતરી કરી લીધી હતી. મહિલાએ આ અંગે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ગોતા વિસ્તારમાં આવેલા આઈસીબી પાર્કમાં રહેતા વિજ્યાબેન પંચાલ પહેલા ચાંદલોડીયામાં ભાડાના મકાનમાં રહેતા હતા. છેલ્લા બે-ત્રણ વર્ષથી એક બહેન પાસેથી ઘી લેતા હતા. પરંતુ થોડા સમયથી તેમણે ઘર બદલ્યું હોવાથી ઘી વેચવાવાળી બહેન સાથે સંપર્ક ઓછો થયો હતો. પાંચ માર્ચે બપોરે વિજયાબેન ઘરે હતા ત્યારે ઘી વેચનાર બેને ફોન કરી સરનામું માગીને મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જેથી તેમણે સરનામું આપ્યું હતું. બાદમાં બપોરે ઘી વેચવાવાળા બહેન તેમની સાથે બીજા એક બહેનને લઈને આવ્યા હતા અને તેમની દીકરીના લગ્ન હોય ૧ લાખ માગ્યા હતા. જોકે વિજ્યાબેને પોતાની પાસે આટલા બધા પૈસા ન હોવાનું જણાવી મદદ માટે ૧૦ હજાર જેટલા રૂપિયા આપવાની વાત કરી. ઘી વેચનારી મહિલાએ વિજયાબેનને એકબાજુ વાતોમાં વ્યસ્ત રાખ્યા ત્યારે સાથેની બીજી મહિલા ઘરમાં ઘૂસીને માલમત્તા ચોરી લીધી હતી.

**રેલવે ઈલેક્ટ્રિફીકેશન**

ન.: MSRE/EIG/25KV/JTX-DHG/Gr.213 તા. 12/03/2021

**ભારતીય રેલવે**

**જાહેર નોટિસ**

આથી પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના નોંધાયેલા સેક્શન હેઠળના પૂર્ણ થયેલ સેક્શન પર આવેલ રેલવે લાઈન્સ અને પ્રિમાઈસીસના તમામ ઉપયોગકર્તાઓને જાણ કરવામાં આવે છે કે તા. 21.03.2021 ના રોજ કે ત્યારબાદથી ઓવરહેડ ટ્રેક્શન વાયર 25 કેવી એસી પર સક્રિય થશે. આ તારીખથી જ ઓવરહેડ ટ્રેક્શન હંમેશા સક્રિય ગણાશે અને કોઈપણ અનધિકૃત વ્યક્તિએ ઉક્ત ઓવરહેડ લાઈનોની નજીકમાં આવવું નહીં કે કોઈ કાર્ય કરવું નહી.

| સેક્શન | તારીખ |
| --- | --- |
| જાટપીપળી (સિવાય) થી કિ.મી. 601 Ch. 099.00 થી ધ્રાંગધ્રા (સહિત) કિ.મી. 627 Ch. 222.00 સેક્શન | 21.03.2021 ના રોજ અથવા ત્યારબાદ |

મુખ્ય પ્રોજેક્ટ ડાયરેક્ટર
રેલવે ઈલેક્ટ્રિફીકેશન, અમદાવાદ

**રેલવે ઈલેક્ટ્રિફીકેશન**

ન.: MSRE/EIG/25KV/JTX-DHG/Gr.213 તા. 12/03/2021

**ભારતીય રેલવે**

**રસ્તાનો ઉપયોગ કરનારાઓને ચેતવણી**

આથી જાહેરજનતાને જાણ કરવામાં આવે છે કે પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનના જાટપીપળી (સિવાય) થી કિ.મી. 601 Ch. 099.00 થી ધ્રાંગધ્રા (સહિત) કિ.મી. 627 Ch. 222.00 સેક્શન પરના ઓવરહેડ ટ્રેક્શન વાયર તા. 21.03.2021 ના રોજ કે ત્યારબાદથી 25 કેવી પર સક્રિય થશે. તમામ રેલવે ક્રોસિંગ પર લાઈવ ટ્રેક્શન વાયરના જોખમી સંપર્કમાં આવતા અતિશય હાઈટના લોડને રોકવા માટે રોડ ઉપર સ્પષ્ટ 4.78 મીટર ની ક્લિયર ઊંચાઈ સાથે હાઈટ ગેજ બાંધવામાં આવેલા છે.

આથી જાહેરજનતાને સૂચિત કરવામાં આવે છે કે વાહનોના લોડિંગના હેતુ માટે ઉપરોક્ત નિર્દિષ્ટ ઊંચાઈનું ધ્યાન રાખે જેથી રોડ વાહનમાં આવેલ લોડીંગથી કોઈપણ સંજોગોમાં હાઈટ ગેજનું ઉલ્લંઘન થાય નહી.

અતિશય ઊંચાઈવાળા લોડના જોખમો નીચે મુજબ છે.

1) હાઈટગેજ માટે જોખમી અને સાથે સાથે રોડ અને રેલવે લાઈન પર અવરોધરૂપ.
2) લઈ જવામાં આવતા સાધનના સામાન અને વાહન માટે જોખમી.
3) આગનું જોખમ અને સંપર્કમાં આવવાથી અથવા જોખમી નિકટતાને કારણે કંડક્ટરને જીવનું જોખમ.

મુખ્ય પ્રોજેક્ટ ડાયરેક્ટર
રેલવે ઈલેક્ટ્રિફીકેશન, અમદાવાદ

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
એસ્ટેટ ખાતું, મધ્યસ્થ કચેરી
બી-બ્લોક, ત્રીજો માળ, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧

**"પે એન્ડ પાર્ક" પાર્કિંગ માટે ટેન્ડર નોટિસ**

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પાર્કિંગ માટે નક્કી કરેલ પ્લોટ/જગ્યામાં તથા ઓવરબ્રિજની નીચેની જગ્યામાં "પે એન્ડ પાર્કિંગ" ના ધોરણે વાહનો પાર્કિંગનો કોન્ટ્રાક્ટ આપવા ટેન્ડર કમ હરાજી બાબત**

**(ટેન્ડર નં. ETS/PER/.....Zone/Parking/01 to 17/032021)**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદા જુદા ઝોનમાં આવેલા જુદા જુદા મ્યુનિ. માલિકીના પ્લોટ/જગ્યામાં તથા ઓવરબ્રિજની નીચેની જગ્યામાં જાહેર જનતાની સગવડ માટે વાહનોના પાર્કિંગનો કોન્ટ્રાક્ટ, ટેન્ડર કમ હરાજીથી ૩ (ત્રણ) વર્ષની મુદત માટે આપવા સીલબંધ કવરમાં ઓફરો મંગાવવામાં આવે છે. ટેન્ડર સીલ બંધ કવરમાં તા. ૦૬-૦૪-૨૦૨૧ના રોજ બપોરે ૫.૦૦ વાગ્યા સુધીમાં ટેન્ડર ફોર્મમાં જણાવેલ સ્થળે (ટેન્ડર ઓફિસરશ્રીની કચેરી, સેન્ટ્રલ રેકર્ડ ખાતું, બ્લોક-બી, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૧) નિયત સમયમર્યાદામાં મોકલી આપવાના રહેશે. જે બાદ ટેન્ડર નં. ETS/PER/.....ZONE/ 01 થી 09/032021 ની જાહેર હરાજી તા. ૦૮-૦૪-૨૦૨૧ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે તથા ટેન્ડર નં. ETS/PER/.....ZONE/10 થી 17/032021 ની જાહેર હરાજી તા. ૦૯-૦૪-૨૦૨૧ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે અ.મ્યુનિ. કોર્પોરેશનની મુખ્ય કચેરી, દાણાપીઠ, સરદાર પટેલ ભવન, કોન્ફરન્સ હોલ, બી-બ્લોક, ત્રીજો માળ, મધ્ય ઝોન (વહીવટી શાખા) ખાતે રાખવામાં આવેલ છે. આ અંગેની વિગતો સહિતના ટેન્ડર ડોક્યુમેન્ટ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ www.ahmedabadcity.gov.in ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. ટેન્ડર સ્વીકાર કે અસ્વીકારની સત્તા મ્યુનિ. કમિશનરશ્રીની રહેશે.

ડે. મ્યુનિસિપલ કમિશનર
(એસ્ટેટ)

**Reliance Industries Limited**

**Registered and Corporate Office**: 3rd Floor, Maker Chambers IV, 222, Nariman Point, Mumbai 400 021
**Telephone**: +91 (22) 3555 5000 • **Facsimile**: +91 (22) 2204 2268
**Contact Persons**: Shri K. Sethuraman, Group Company Secretary and Chief Compliance Officer and Smt. Savithri Parekh, Joint Company Secretary and Compliance Officer
**E-mail**: investor.relations@ril.com • **Website**: www.ril.com • **Corporate Identity Number:** L17110MH1973PLC019786

**FOR THE IMMEDIATE ATTENTION OF SHAREHOLDERS WHOSE RIGHTS EQUITY SHARES (ALLOTTED IN JUNE 2020) ARE LYING IN "RIL RIGHTS ALLOTMENT DEMAT SUSPENSE ACCOUNT"**

**FINAL REMINDER**

1) In terms of the Rights Issue of equity shares of the Company, vide Letter of Offer dated May 15, 2020 (**"LOF"**), the Rights Equity Shares allotted to the shareholders who could not intimate their demat account details to the Company till the Date of Allotment of the shares, were kept in a separate demat account titled **"RIL RIGHTS ALLOTMENT DEMAT SUSPENSE ACCOUNT"**.
2) Such shareholders were required to send, within six (6) months from the Allotment Date of the shares, i.e., on or before December 10, 2020, a communication to Company / KFin Technologies Private Limited, Registrar to the Rights Issue (**"KFinTech"**), containing the name(s), Indian address, e-mail address, contact details and details of their demat accounts along with copy of self-attested PAN and self-attested client master sheet either by post, speed post, courier, electronic mail or hand delivery, for transfer of the Rights Equity Shares allotted to them to their respective demat accounts.
3) **In the interest of such shareholders and considering the difficulties faced due to the continuing COVID-19 pandemic, the Company had granted one-time extension up to March 31, 2021 to such shareholders to submit their demat account details.**
4) In this regard, the Company had published an advertisement in this newspaper on December 12, 2020, besides intimating the concerned shareholders separately by emails/physical letters, for taking appropriate steps.
5) We observe that some shareholders have still not provided the requisite demat account details as well as the other documents as mentioned above. **SUCH SHAREHOLDERS ARE REQUESTED TO NOTE THAT in case the above details, complete in all respects, are not received on or before March 31, 2021, such Rights Equity Shares lying to the credit of the "RIL RIGHTS ALLOTMENT DEMAT SUSPENSE ACCOUNT" shall be sold, as provided in the LOF, on the floor of the stock exchanges and proceeds thereof net of brokerage, applicable taxes, administrative and other incidental charges remitted to the relevant shareholders.**

**The Company requests such shareholders to provide the requisite details immediately.**

**Note:** For more details, please refer to (i) the LOF, including "*Terms of the Issue - Credit and Transfer of Rights Equity Shares in case of Shareholders holding Equity Shares in Physical Form and disposal of Rights Equity Shares for non-receipt of demat account details in a timely manner*" on page 302 of the LOF and (ii) advertisement published in this newspaper on December 12, 2020.

Shareholders may write to the Registrar to the Rights Issue at ril.rights@kfintech.com and to the Company at investor.relations@ril.com for any further assistance / clarification in this matter / submission of requisite details.

For **Reliance Industries Limited**
Sd/-
K. Sethuraman
Group Company Secretary and Chief Compliance Officer

Place : Mumbai
Date : March 12, 2021

